પોલીસ કમિશનરની કચેરી અમદાવાદ શહેર.
શાહીબાગ, અમદાવાદ
વિશેષશાખા, કચેરી ટેલીફોન નં-૦૭૯૨૫૬૩૩૪૦૦
Email:Spl1-ahd@gujarat.gov.in

:: જાહેરનામું ::

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે થયેલ હુકમ.

ક્રમાંક:વિ.શા../જાહેરનામું/એ-સેકશન/પરમીટ/સ્પા/મસાજ પાર્લરો-કર્મચારીની માહિતી/૧૪૨/૨૦૨૫ તા.૨૯/૧૨/૨૦૨૫

વંચાણે લીધા :- (૧) નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ અમદાવાદ શહેર નાઓના પત્રક્રમાંક:જી/૭૨૫/ઝોન-૧/આર.બી./૭૯૯૮/૨૦૨૫ તા.૨૬/૧૨/૨૦૨૫ તથા,

(૨) નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૨ અમદાવાદ શહેર નાઓના પત્રક્રમાંક:જી/૭૨૫/ઝોન-૨/આર.બી./૧૨૨૧૦/૨૦૨૫ તા.૨૬/૧૨/૨૦૨૫ આધારે,

(૩) નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ અમદાવાદ શહેર નાઓના પત્રક્રમાંક:જી/૭૨૫/ઝોન-૪/આર.બી./૭૮૮૬/૨૦૨૫ તા.૨૭/૧૨/૨૦૨૫ આધારે,

(૪) નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ અમદાવાદ શહેર નાઓના પત્રક્રમાંક:જી/૭૨૫/ઝોન-૫/આર.બી./૭૮૭૦/૨૦૨૫ તા.૨૬/૧૨/૨૦૨૫ આધારે,

(૫) નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર નાઓના પત્રક્રમાંક:જી/૭૨૫/ઝોન-૬/૬૭૧૫/૨૦૨૫ તા.૨૬/૧૨/૨૦૨૫ આધારે,

(૬) નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૭ અમદાવાદ શહેર નાઓના પત્રક્રમાંક:જી/૭૨૫/ઝોન-૭/આર.બી./૯૩૧૧/૨૦૨૫ તા.૨૬/૧૨/૨૦૨૫ આધારે,

શહેરના રહેણાંક વિસ્તારમાં તથા ઔદ્યોગીક વિસ્તારોમાં સ્પા/મસાજ પાર્લર ચલાવવાની આડમાં નશીલા કેફી દ્રવ્યોનું સેવન તથા દેહવેપાર તથા અન્ય ગેરકાયદે કૃત્યો ચલાવતા હોવાનું જણાઇ આવેલ છે. કેટલાક અસામાજીક તત્વો આવા સ્પા/મસાજ પાર્લર ની આડમાં ગુનાહિત કૃત્યો કરી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરતા હોવાનું જણાઇ આવેલ છે.

જેથી સ્પા/મસાજ પાર્લરોની આડમાં ગુન્હાહીત કૃત્યો અટકાવવા સારૂ સ્પા/મસાજ પાર્લરોની માહીતી જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન પાસે હોવી જરૂરી છે.

વાસ્તે હું જી.એસ.મલિક પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર (ગુજરાત રાજ્યના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૮૨ ના નોટીફીકેશન નં.જીજી/ ૪૨૨/ સીઆરસી /૧૦૮૨/૧૦૮૦-એમ તથા ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામા નં.જીજી/ ૬/ ફકઅ / ૧૦૮૮/ ૬૭૫૦/મ) અન્વયે મને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં સ્પા/મસાજ પાર્લરોના માલીકો અગરતો આ માટે આવા સ્પા/ મસાજ પાર્લરના સંચાલકોએ તેમાં કામ કરતા કર્મચારીઓની સંખ્યા સહિત ફોટોગ્રાફ સાથેની સંપુર્ણ વિગત સંબધિત પોલીસ સ્ટેશન ખાતે આપવા માટે ફરમાવું છુ.

| અ.નુ. | વિગત | રીમાર્કસ |
|---|---|---|
| ૧. | સ્પા/ મસાજપાર્લર, એકમનું નામ,માલિક/સંચાલક નું નામ તથા સરનામું ટેલીફોન નંબર. | |
| ૨. | સ્પા/ મસાજપાર્લરમાં કામ કરતા તમામ કર્મચારી ની સંપુર્ણ વિગત.(ફોટા સહિતની) | |
| | (૧) જો તેઓ ભારતીય હોય.તો તેના ઓળખના પુરાવા જોડવા. | |
| | હાલનું સરનામું- | |

| | | |
|---|---|---|
| | મુળ વતન નું સરનામું- | |
| | ફોનનં (ઘર) (ઓફીસ) (મો.નં) | |
| | (૨) જો તેઓ વિદેશી હોય. તો.<br>- તેમના પાસપોર્ટ ની વિગતઃ-(પાસપોર્ટ તથા વિઝાની નકલ બીડવાની રહેશે.)<br>- કયા વિઝા પર ભારતમાં આવેલા છે.તેની વિગતઃ- | |
| | હાલનું સરનામું- | |
| | ફોનનં (ઘર) (ઓફીસ) (મો.નં)<br><br>[ સ્પા/ મસાજપાર્લર ચલાવનાર/ સંચાલક નો પાસ પોર્ટ સાઇઝનો ફોટો. ] [ કામ કરતા કર્મચારી ઓનો પાસપોર્ટ સાઇઝ નો ફોટો. ] [ પોલીસ સ્ટેશનના સહિ, સિક્કા અને તારીખ ]<br><br>સ્પા/ મસાજપાર્લર ચલાવનારની સહી    કામકરતા કર્મચારીની સહી<br>સાક્ષીની સહી તથા સંપુર્ણ વિગતઃ- | |
| ૩. | :: નિયમો ::<br>૧. આ વિગત કોરાકાગળ પર લખવાની રહેશે.<br>૨. આ વિગત સંપુર્ણ રીતે ભરીને સ્પા /મસાજપાર્લરો જે નામથી ચાલતા હોય. તેના નામ સાથે ની વિગત તે પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાની રહેશે.<br>૩. આ વિગત સંપુર્ણ ભરાયા પછી તેની બે નકલ કાઢવાની રહેશે. બંને નકલ જેતે પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. જેની એક નકલ પોલીસ સ્ટેશનના સહી સિક્કા સાથે પરત આપશે. જે સાચવી રાખવાની રહેશે.<br>૪. સ્પા/મસાજપાર્લર ચલાવનારે તેમનું ડ્રાઇવિંગ લાયસન્સ, પાન કાર્ડ, આધારકાર્ડ, ઇલેક્શન કાર્ડ, રજુ કરવાના રહેશે. | |

## :: અમલવારીનો સમય તથા વિસ્તાર ::

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૩૦/૧૨/૨૦૨૫ ના કલાક ૦૦/૦૦ થી તા.૨૭/૦૨/૨૦૨૬ ના કલાક ૨૪/૦૦ સુધી( બંન્ને દિવસો સહિત ) ૬૦ દિવસ હુકમનો અમલ કરવાનો રહેશે.

## :: શિક્ષા ::

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ.કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

:: જાહેર વિજ્ઞપ્તિ ::

આથી હું આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત નિર્દેશ કરેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડી, તેમજ અમદાવાદ શહેર પોલીસના તમામ Social media એકાઉન્ટસ ઉપર તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્રો ઉપરથી બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આજ તારીખ : ૨૯/૧૨/૨૦૨૫ નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

(જી.એસ. મલિક)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

નકલ સવિનય રવાના:

(૧) અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર, ગુજરાત સરકાર.
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૩) પોલીસ મહાનિર્દેશક અને મુ.પો.અધિ.શ્રી,ગુ.રા, ગાંધીનગર.
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી(ઈન્ટે), ગુ.રા, ગાંધીનગર.
(૫) પોલીસ કમિશનરશ્રી, સુરત, વડોદરા, રાજકોટ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર.
(૮) કલેકટરશ્રી, અમદાવાદ શહેર.
(૯) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા, ગાંધીનગર.
(૧૦) સંયુકત માહિતી નિયામકશ્રી, બેરેક નં-૦૩, આંબાવાડી, પોલીટેકનીક, અમદાવાદ શહેર.
(૧૧) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, ગુ.રા, અમદાવાદ શહેર.
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સીટી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, અમદાવાદ (ગ્રામ્ય), મીરઝાપુર, અમદાવાદ.
(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.
(૧૫) મુખ્ય સરકારી વકીલશ્રી,સીટી સેશન્સ કોર્ટ, ભદ્ર અમદાવાદ શહેર.
(૧૬) સંયુકત પોલીસ કમિશનરશ્રી, ટ્રાફીક, વહિવટ, મુખ્ય મથક, સેકટર-૨ અમદાવાદ શહેર.
(૧૭) અધિક પોલીસ કમિશનરશ્રી સેકટર-૧, ક્રાઈમ બ્રાંચ અમદાવાદ શહેર.
(૧૮) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૦૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી, અમદાવાદ શહેર.
(૧૯) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.
(૨૦) નાયબ પોલીસ કમિશનરશ્રી (ઈન્ટે), અમદાવાદ શહેર.
(૨૧) નોડલ અધિકારીશ્રી અને નાયબ પોલીસ કમિશ્નરશ્રી કંટ્રોલ રૂમ (અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨૨) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.
(૨૩) જનસંપર્ક અધિકારીશ્રી,(સ્થાનિક વર્તમાનપત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શનકેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા)
(૨૪) તમામ પો.ઈન્સશ્રીઓ,અમદાવાદ શહેર.(જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી જાહેરાત કરાવવા સારૂ)
(૨૫) પો.ઈન્સશ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર.
(૨૬) પો.ઈન્સશ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.
(૨૭) પો.ઈન્સશ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.
(૨૮) પો.ઇન્સ.શ્રી કોમ્પ્યુટર શાખા, પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P. Ahmedabad website ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.